ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૬.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૪૯ ટકા

# સિવિલમાં સંપની સફાઈ થતા પાણીનો કકળાટ

## સફાઈ કામ પૂર્ણ થતાં પાણીનો પુરવઠો નિયત મુજબ અપાશે



ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૬૦૦ બેડની બિલ્ડીંગમાં આજે દર્દીઓએ પાણી ન મળતા પાણી માટે પોકારો પડયા હતા. દર્દીઓ તેમજ સગાઓ પાણીના પ્રશ્ને છેક સિવિલના ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચી ગયા હતા. પરંતુ સિવિલને પાણીનો પુરવઠો પુરો પાડતી પાણીની ટાંકીની સફાઈ કરવામાં આવી રહી હોવાને લીધે આ સમસ્યા સર્જાઈ હતી. જેથી આગામી ટુંક સમયમાં સફાઈ કામ પૂર્ણ થતાંની સાથે જ પાણીનો પુરવઠો નિયત મુજબ આપવામાં આવશે.

ગાંધીનગર સિવિલમાં દર્દીઓ, સગાઓ, ડોકટર્સ, સ્ટાફ નર્સ, સહિત રોજના હજ્જારો વ્યકિતઓ કામ કરે છે ત્યારે તેઓને પીવા અને જીવન જરુરી વપરાશ માટે આપવામાં આવતા પાણીમાં કલોરીનેશનની માત્રા સમયસર જાળવવામાં આવે છે તો બીજી તરફ સંપ મારફતે ટાંકીમાં અને ત્યાંથી ૬૦૦ બેડની ઈમારત, ઓપીડી બિલ્ડીંગ સહિતના વિભાગોમાં પાણીનો પુરવઠો પુરો પાડવામાં આવે છે. સિવિલમાં આપવામાં આવતું પાણી શુધ્ધ રહે તે માટે પાણી અને સંપની સફાઈ કરવામાં આવી હતી. જેને પગલે પાણીનો પુરવઠો ઓછો મળતા નવી ઈમારતમાં રહેલા દર્દીઓને સવારે ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. સવારથી જ દર્દીઓ અને સગાઓ પાણીના પૌકાર પાડતા નજરે પડયા હતા. તંત્રનો દાવો છે કે સફાઈની કામગીરી પણ અગત્યની છે. ત્યારે આવતીકાલથી પાણીનો પુરવઠો સમયસર રાબેતા મુજબ તમામ વિભાગોને મળી જશે. જેથી પાણીનો કકળાટ સર્જાશે નહીં.

## વાતવાતમાં

● માણસાથી જિલ્લા પંચાયતમાં કોઈ કામસર સાથે એક જ ગાડીમાં આવેલા ત્રણ સગા ભાઈઓમાંથી બે અંદર ગયા હતા અને એક ભાઈ બહાર રાહ જોતો પંચાયતની નજીકમાં બેઠો હતો ત્યારે કામ પતાવીને પેલા બે ભાઈઓ ઉતાવળે કાર લઈને નીકળી ગયા હતા. પંચાયત પાસે રહી ગયેલા ભાઈનો મોબાઈલ પણ કારમાં જ હોવાથી તેણે માંડ માંડ અન્ય વ્યકિતના મોબાઈલથી પોતાના ભાઈઓનો સંપર્ક કર્યો જેઓ સદભાગ્યે સે-૨૧માં જ ગયા હોવાથી તેને લેવા પરત આવ્યા હતા.

● ચૂંટણીઓ પુરી થતા શહેરીજનોનું હવે નાતાલ અને નજીકમાં આવી રહેલા ઉત્તરાયણના પર્વ પ્રત્યે ધ્યાન જવા પામ્યુ છે. શહેરમાં નાતાલની ઉજવણીની તૈયારીઓ ઉત્સાહપૂર્વક ચાલી રહી છે જયારે આકાશમાં થોડા ઘણા પતંગો પણ ઉડતા તથા બજારમાં પતંગ વેચાતા પણ જોવા મળી રહ્યા છે.

● દિવસભર શહેરમાં ચુંટણીના પરિણામોનું વિશ્લેષણ કરતી ચર્ચાઓ 'ટૉક ઓફ ધ ટાઉન' બની રહેવા પામી હતી. પાનના ગલ્લા અને ચાની કિટલીથી માંડીને સચિવાલયની ઓફિસોમાં પણ નગરજનો પરિણામની ચર્ચા કરવા સાથે મુખ્યમંત્રી કોણ બનશે તેના અનુમાનો બાંધતા નજરે ચઢતા હતા.

# સરસ્વતી વિદ્યાલય ખાતે યોજાયેલ કવીઝ કોમ્પિટીશન

ગાંધીનગર, તા.૧૯

આજકાલ શાળાઓમાં બાળકોના માનસિક, બૌધિક તેમજ શારિરીક વિકાસ માટે અવારનવાર વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. જે અંતર્ગત સરસ્વતી વિદ્યાલય ખાતે તા. ૧૯-૧૨-૨૦૧૭ના રોજ કવીઝ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમનાં વિજેતા થયેલ ટીમને શાળાના શિક્ષક ધર્મેશભાઈ તથા આચાર્ય મીનળબેન તરફથી ઈનામ આપવામાં આવ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓને અભ્યાસ ઉપરાંત જનરલ નોલેજનું મહત્વ સમજાવી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



ધોરણ પથી ૭ની સુન્દરમ્ ટીમમાં ઠાકોર અંજલી અને ચોલવીયા રીન્કુ વિજેતા બન્યા હતા. જયારે ધોરણ-૮ થી ૧૦ની સરસ્વતી રોકેટ ટીમમાં સોલંકી મયુરધ્વજસિંહ, સોલંકી જીનેન્દ્ર, ચોલવીયા હાર્દિક અને બારોટ સર્વોત્તમ વિજેતા થયા હતા.

# પેથાપુર પાસે બંધ ફલેટમાં તસ્કર ટોળકીનો હાથફેરો

## પરિવાર અંબાજી દર્શન કરવા ગયું ત્યારે તસ્કરો બંધ મકાનનું તાળુ તોડી રૂ. ૨.૮૯ લાખની મતા સાફ કરી ગયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીક પેથાપુર પાસે આવેલા ફર્સ્ટ કાઉન્ટી નામના ફલેટમાં રહેતું એક પરિવાર મકાનને તાળુ મારીને અંબાજી દર્શન કરવા ગયું હતું. તે દરમિયાન તસ્કરો તેમના બંધ મકાનને નિશાન બનાવી ફરાર થઈ ગયા હતા. મકાનનું તાળુ તોડી અંદર ઘુસીને તસ્કરો રોકડ તથા દાગીના મળી કુલ રૂ. ૨.૮૯ લાખની મત્તા સાફ કરી ગયા હતા. મકાન માલિકની ફરિયાદ આધારે પેથાપુર પોલિસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ પેથાપુર પાસે સ્વાગત હોટલ સામે આવેલા ફર્સ્ટ કાઉન્ટી નામના ફલેટમાં એ-૧૦૧ નંબરના ફલેટમાં રહેતા આરાધનાબેન રવિકૃષ્ણ મોહનરાય ૧૬ ડિસેમ્બરે મકાન બંધ કરીને પરિવાર સાથે અંબાજી મંદિરે દર્શન કરવા ગયા હતા. ૧૭ ડિસેમ્બરે સવારે આઠેક વાગ્યે તેઓ ઘરે પરત ફર્યા તો મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તુટેલું જોઈ તેવો સ્તબ્ધ થઈ ગયા હતા. મકાનમાં અંદર જઈને જોયું તો સામાન વેરવિખેર પડયો હતો. એક દિવસમાં તેમના બંધ મકાનમાં તસ્કરો હાથફેરો કરી ગયા હતા. મકાનમાંથી રૂ. ૨.૨૬ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂ. ૬૩ હજાર મળી કુલ રૂ. ૨.૮૯ લાખની માલમત્તાની ઉઠાંતરી કરી તસ્કરો રફફુચક્કર થઈ ગયા હોવાનું બહાર આવતા આ મામલે પેથાપુર પોલિસ મથકમાં ફરિયાદ કરતા પીએસઆઈ વી.બી. દેસાઈએ ગુનો નોંધી તસ્કરો સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

# ઉનાવા ગામમાં એટીએમ તોડતી ગેંગ ત્રાટકી

## બારીની ગ્રીલ તોડીને બેંકમાં ઘુસેલા તસ્કરોનો બેંક ઓફ બરોડાનું એટીએમ તોડવાનો પ્રયાસ

ગાંધીનગર નજીક આવેલા ઉનાવા ગામમાં એટીએમ તોડતી ગેંગ ત્રાટકતા ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. રવિવારની પૂર્વ રાત્રિએ ત્રાટકેલા ચોરો ગામમાં આવેલી બેંક ઓફ બરોડાની બારીની ગ્રીલ તોડીને અંદર ઘુસ્યા અને બેંકમાં પડેલું એટીએમ ટાર્ગેટ બનાવી તેને તોડવાનો પ્રયાસ કર્યો હતો. જો કે ચોરોના હાથે કાંઈ મત્તા આવી ન હતી. સોમવારે સવારે બેંક સ્ટાફનું ધ્યાન જતા પેથાપુર પોલીસને ઘટના અંગે જાણ કરવામાં આવી હતી.

ઉનાવા ગામની ભાગોળે ઉનાવા દૂધ સહકારી મંડળીના મકાનમાં બેંક ઓફ બરોડાની શાખા આવેલી છે. આ બેંકમાં એટીએમ પણ મુકવામાં આવેલું છે. શનિવારની સાંજે બેંક બંધ કરીને સ્ટાફ નીકળ્યો અને સોમવારે સવારે સ્ટાફે બેંક ખોલી ત્યાં સુધીમાં આ બેંકના એટીએમને તસ્કરોએ ટાર્ગેટ બનાવી હતી. બેંકની બારીની ગ્રીલ તોડી તસ્કરોએ એટીએમ મશીનને તોડવાનો પ્રયાસ કરેલો હતો. ઘટનાની જાણ થતા પેથાપુર પોલિસ પણ સ્થળ પર દોડી ગઈ હતી. બેંક કર્મચારી અર્પણભાઈ પ્રજાપતિએ એટીએમ તોડવાના પ્રયાની ફરિયાદ આપતા પીએસઆઈ વી.બી. દેસાઈએ ઘટના અંગે તપાસ શરુ કરી છે. બેંકના સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવીને તે દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે.



# સે-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે અમૃતવર્ષા મહોત્સવના અમૃતમય મંગલ કાર્યક્રમો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૩ સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૨૧ થી ૨૫ ડિસેમ્બર દરમિયાન અમૃતવર્ષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દરરોજ વિવિધ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. જયારે અમૃતવર્ષા મહોત્સવ અંતર્ગત અમૃતવર્ષા પ્રદર્શનમ્ પણ રાખવામાં આવ્યું છે. આ પ્રદર્શનમ્ દર્શનીય, જાણવા, માણવા, નિહાળવા જેવું અલૌકિક બનમ્યું છે. અમૃતવર્ષા મહોત્સવમાં તા. ૨૫મી ના રોજ સવારે ૯.૦૦ કલાકે પ.પૂ.ધ.ધૂ. આચાર્ય મહારાજ કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ સંતો-મહાનુભાવો સાથે પધારી ભકતોને દર્શન તથા શુભાર્શીવાદનો લાભ આપશે.

ગાંધીનગર સે-૨૩ સ્વામી નારાયણ મંદિર ખાતે અમૃતવર્ષા મહોત્સવ પ્રસંગે તા. ૨૧ને ગુરુવારના રોજ સવારે ૮.૦૦ કલાકે ઠાકોરજીની મંદિરમાંથી સભા મંડપમાં પધરામણી, શોભાયાત્રા, ઉદઘાટન સમારોહ, દિપ પ્રાગટય, ધૂન્ય, કથા સત્સંગ સભા, બપોરે ૨.૩૦ કલાકે મેડીકલ કેમ્પ, રાત્રે ૮.૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. તા. ૨૨ને શુક્રવારના રોજ સવારે ૮.૦૦ વાગે ધૂન્ય, સત્સંગ સભા, મહાતૈવેવ, બપોરે ૩.૩૦ કલાકે હરીપૂજન તથા મારુતિયજ્ઞ પ્રારંભ, રાત્રે ૮.૦૦ વાગે અમૃત તુલાવિધી, સત્સંગ સભા, સંતના સાંનિધ્યમાં (ગોષ્ઠી) તા. ૨૩ને શનિવારના રોજ સવારે ૮.૦૦ કલાકે મારૂતિયજ્ઞ, ધુન્ય, કથા, સત્સંગ સભા બપોરે ૨.૩૦ કલાકે અમૃતવર્ષા નગરયાત્રા રાત્રે ૮.૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. જયારે તા. ૨૪ને રવિવારના રોજ સવારે ૮.૦૦ કલાકે મહાઅભિષેક, મહાનિરાજન, ધૂન્ય, કથા, સત્સંગ સભા, શાકોત્સવ બપોરે ૨.૩૦ કલાકે બહેનો માટે સત્સંગ અને સદભાવલક્ષી કાર્યક્રમ જયારે રાત્રે ૮.૦૦ કલાકે સત્સંગ સભા સંતના સાંનિધ્યમાં (ગોષ્ઠિ) અભિવાદન જયારે તા. ૨૫ના રોજ સોમવારે સવારે ૮.૦૦ કલાકે ધુન્ય, કથા શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજીનું આગમન અને આર્શીવાદ સભા યોજાશે. આ પ્રસંગે શહેરના સૌ હરિભકતોને ઉપસ્થિત રહેવા અમૃતવર્ષા મહોત્સવ સમિતિ દ્વારા જણાવાયું છે.

# યોગાચાર્ય સ્વામી ધર્મનિષ્ઠાનંદનો સત્સંગ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૯

દિવ્ય જીવન સંઘ, ગાંધીનગર શાખાના ઉપક્રમે શિવાનંદ આશ્રમ ઋષિકેશથી પધારેલ-યોગાચાર્ય સ્વામી ધર્મનિષ્ઠાનંદજીનો સત્સંગ કાર્યક્રમ તા. ૨૦મી ડીસેમ્બરથી ૨૨મી ડીસેમ્બર દરમિયાન ત્રણ દિવસ રોજ સાંજે ૬ થી ૭ કલાક સુધી શાખા કાર્યાલય, ૨૦૫, આનંદનગર, સેકટર-૨૭ ખાતે રાખવામાં આવેલ છે. જેનો લાભ લેવા સર્વે નગરજનોને અનુરોધ કરવામાં આવે છે.

# શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગરનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનરનો આગામી સ્નેહમિલન કાર્યક્રમ આગામી તા. ૭-૧-૨૦૧૮ને રવિવારના રોજ પૂનમ પાર્ટી પ્લોટ, પીડીપીયુ રોડ, રાયસણ ખાતે રાખવામાં આવેલ છે. ઉપરાંત સમાજના તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ પણ રાખવામાં આવેલ છે. જેને અનુલક્ષી બાળકોની માર્કશીટ તા. ૨૦-૧૨-૨૦૧૭ સુધીમાં સેકટરના પ્રતિનિધિ, પ્રમુખ, મંત્રીને મોકલી આપવાની રહેશે તેમજ ભોજન પાસ તા. ૨૫-૧૨-૨૦૧૭ સુધીમાં સેકટર પ્રતિનિધિ પાસેથી મેળવી લેવાના રહેશે. આ સમારોહના અધ્યક્ષ તરીકે ભીખાભાઈ જી. પટેલ (કોલવડા) તેમજ અતિથિ વિશેષ તરીકે રીટાબેન કે. પટેલ (કોર્પોરેટર) ગાંધીનગર હાજર રહેશે. આ સ્નેહમિલન કાર્યક્રમમાં સમાજના બાઈ-બહેનોએ સમયસર ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ દિલીપભાઈ બી. પટેલે અનુરોધ કર્યો છે.

# ઈન્દ્રોડા ગામે મૌની બાપુના આર્શીવાદ લેતા મુખ્યમંત્રી વિજય રૂપાણી



રાજેશ્વરી પુરાતન ઈન્દ્રાણી માતાજીના નવા મંદિરનો શિખર મહોત્સવ તથા શ્રી હનુમાનજીના નવા મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પૂ. ૧૦૦૮ મહા મંડલેશ્વર રામશરણદાસ ગિરીજી મહારાજ (મૌની બાપુ)ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પૂ. ગુરુજીના આર્શીવાદ લેવા પધારેલ.

# વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરનો સ્નેહમિલન સમારંભ રવિવારે

ગાંધીનગર, તા.૧૯

શ્રી વિસનગરા નાગર પરિવાર ગાંધીનગર આયોજિત ૨૪મો સ્નેહમિલન સમારોહ તથા પારિતોષિક વિતરણ સમારંભ તા. ૨૪મી ડિસેમ્બરના રોજ ઈજનેરી સ્ટાફ ટ્રેનિંગ કોલેજ હોલમાં બપોરે ચાર વાગે યોજાશે.

સમારંભના પ્રમુખસ્થાને જ્ઞાતિ શ્રષ્ઠી ચિરાગભાઈ પ્રવિણકુમાર રાવલ (પાલજવાળા) દેવી ફાઈનાન્સ-ગાંધીનગર ઉપસ્થિત રહેશે.

આ સમારંભમાં ૩૫ વિદ્યાર્થીઓને પારિતોષિક વિતરણ તથા ૭૫ વર્ષના વયસ્ક ૩ વડીલનું સન્માન કરવામાં આવશે. આ અવસરે સપરિવાર ઉપસ્થિત રહેવા વિસનગરા નાગર પરિવારના પ્રમુખ સનતભાઈ વાસુદેવભાઈ પંડયા તથા તથા મહામંત્રી મહેશભાઈ રાવલે જણાવેલ છે.

# રાંધેજા ખાતે સર્વ રોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૯

સ્વ. જે.જે. બજાજ કુદરતી ઉપચાર કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે તા. ૨૩-૧૨-૨૦૧૭ થી તા. ૨૫-૧૨-૦૧૭ દરમિયાન નિવાસી સર્વરોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં હઠીલા રોગો જેવા કે કબજીયાત, હાઈ-લો બીપી, ઓબેસીટી, ડાયાબીટીસ, દમ, આર્થરાઈટીસ (વા) તથા ત્વચા સંબંધિત રોગોની કુદરતી સારવાર તથા સાચી સમજ લોકોને આપવામાં આવશે. આ ત્રણ દિવસની શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ રાંધેજા ખાતે ફોન નંબર ૦૭૯-૨૩૯૭૬૭૧૮, ૮૪૦૧૧૧૩૧૨૪ અને ૮૧૨૮૦૭૧૯૨૧ પર સંપર્ક કરી નામ નોંધાવવા મુખ્ય ચિકિત્સક ડૉ. ધર્મેશ પટેલે જણાવ્યું છે.

# ચૂંટણી પરિણામોમાં પ્રજાલક્ષી કાર્યોને જનાદેશ

## નક્કર કામો કર્યા વગર ચૂંટણીઓ જીતવી હવે આકરી બનશે : પક્ષાપક્ષીથી પર રહી મતદારોએ કાર્યવન્ત ઉમેદવારને જીતાડયા

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત રાજયની શાણી અને સમજુ પ્રજાએ પોતાના મત થકી રાજકારણીઓને ઈશારામાં સમજાવી દીધું છે. જે તે મત વિસ્તારના પ્રજાલક્ષી કાર્યો તેમજ સ્થાનિક સમસ્યાઓ અંગેની અનદેખી ઉમેદવારોને આ પરિણામોમાં આકરી પડી છે. મતદારોએ રાજકારણને તિલાંજલી આપીને ફકત પ્રજાને પડતી મુશ્કેલીઓને જ પ્રાધાન્ય આપ્યું હોય તેવા પ્રજાલક્ષી કાર્યોનો જ જનાદેશ આપ્યો છે. જાગ્રત મતદારો હવે લોભ-લાલચમાં આવ્યા વગર હવે જરૂરિયાતોને પ્રાધાન્ય આપે છે તેના પ્રત્યાઘાત આ ચૂંટણી પરિણામોમાં સ્પષ્ટ વર્તાયા છે.

ચૂંટણીમાં વિજેતા બનતા ઉમેદવારને પ્રજાજનો પોતાના વતી પ્રતિનિધિત્વ સોંપી તેમની જરૂરિયાતો અને સમસ્યાઓનું સમાધાન ઈચ્છતા હોય છે. જેમાં પાંચ વર્ષના સમયગાળા દરમિયાન પ્રજાજનો માટે આ પ્રતિનિધિત્વ સરકાર અને પ્રજા વચ્ચેનું શ્રેષ્ઠ સેતુનું માધ્યમ બને તો પ્રજામાં લોકચાહના મેળવી ફરીથી લોકસેવક તરીકે ચુંટાય છે પરંતુ હાલમાં જ આવેલા પરિણામોમાં ગુજરાતની પ્રજાએ આવા લોક સેવકોને આવકાર્યા છે તો ફકત નામનું જ પ્રતિનિધિત્વ કરતા ઉમેદવારોને સજજડ જવાબ આપ્યો છે. પ્રજજનોએ આ પરિણામોમાં પક્ષાપક્ષીથી દૂર રહીને મત વિસ્તારના પ્રજાલક્ષી કાર્યો અને સમસ્યાઓને જ પ્રાધાન્ય આપ્યું હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે.

રાજયની પ્રજા કર સ્વરૂપે નાણાં સરકારમાં જમા કરાવી સુવિધા ઈચ્છતી હોય છે જેમાં મૂળભૂત જરૂરિયાત જેવી કે માર્ગ, પાણી, લાઈટ, શિક્ષણ, આરોગ્ય અને સુરક્ષા એ મહત્વની બાબત છે. જેમાં ચુંટાયેલા પ્રતિનિધિઓ પ્રજાજનોની આ જરૂરિયાતો પ્રત્યે અનદેખી કરે અને પ્રજાના નાણાંનો વ્યય થાય તે હવે આ જાગ્રત પ્રજાજનો સહન કરશે નહી અને તેના પ્રત્યાઘાતોમાં પ્રતિષ્ઠાભર્યા ચૂંટણી જંગમાં ઘરે બેસાડી દેશે તે હાલના જનાદેશ ઉપરથી લાગી રહ્યું છે. લોભ-લાલચ કે આકર્ષક પ્રચાર-પ્રસારના માધ્યમો શાણાં ગુજરાતીઓ હવે સમજી ગયા છે. તાજેતરના ચૂંટણી પરિણામોમાં ગુજરાતની પ્રજાનો અસલી મિજાજ દેખાઈ રહ્યો છે અને આ પરિણામો ઉપરથી મુખ્ય રાજકીય પક્ષોએ પ્રજાજનોની ગંભીરતાથી નોંધ લીધી છે અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને પ્રજાજનોના કામમાં લાગી જવા જણાવી દઈ ચેતવણી આપી દીધી છે.

## ચિરવિદાય

- સ્વ. જીવીબેન સોમાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૮૦
- સ્વ. સુરેન્દ્રસિંહ બબાજી રાણા, ઉ.વ. ૫૦
- સ્વ. કમાભાઈ લક્ષ્મણભાઈ મકવાણા, ઉ.વ. ૪૬
- સ્વ. વાઘેલા જીકુબા રામસિંહ, ઉ.વ. ૮૦